સાલ : ૬ / સિલસિલાવાર નંબર : ૬૬ / શુમારો : ૬ بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ કુલ પાના - ૧૦

الهادي
THE GUIDE
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. તા. ૧ જુમાદીલ આખર ૧૪૩૦ હી., ૨૫-૫-૨૦૦૯

# -::: ઝિયારતનો શૌક :::-

મૌ.જાબિર બિન અબ્દિલ્લાહિલ અન્સારી (રિ.અ.) રિવાયત કરે છે કે, મારા મૌલા અલી (અ.સ.) એ મને એક દિન ફરમાવું કે, અય જાબિર ! તમને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની કબરે અન્વરની ઝિયારતનો શૌક છે ? મેં જવાબ આપો કે, કેમ નહી અય મૌલા ! ઝરૂર એમાં કોઇ શક નથી કે, મેં ખુદને કબરે નબીને નઝદીક પાઉં. પણ હમેં તો મદીનાથી ખૂબ દૂર છીએ. હમણા તો મને એવો કોઇ ઇમ્કાન લાગતો નથી કે, હું ઝિયારતથી શરફ હાસિલ કરૂં. મૌલા અલી (અ.સ.) ફરમાવે છે કે, અય જાબિર ! તમેં મદીના જાવાની ફિક્ર છોડી દો ! તમને ગરઝતો ફક્ત ઝિયારતની છે, પછી કોઇ પણ ઝરીએથી હું તમને ત્યાં પહોંચાવ. હું બોલો કે, **"જેવી આપની મરઝી, આપ જે જાણો છો તેનાથી હું બેખબર છું".**

પછી મૌલા અલી એ પોતાની આંગલી ઉંચી કીધી જેમાંથી એક નૂર નમૂદાર થયું. આપે મને કહ્યું કે, અય જાબિર ! આ નૂરમાં તમેં દાખિલ થઇ જાવ. મેં તે નૂરમાં દાખિલ થયો, તેમાં ચાલવા લાગો યહાઁ તક કે, મેં તેના છેડા તક પહોંચી ગયો. મને સામે મદીના શહેરના આસાર નઝર આવા. મેં બરાબર ગૌરથી જોયું તો મને મદીનાની ખજૂરીઓ નઝર આવી. મને યકીન ન થયું, મેં મારી આઁખો પર વારંવાર હાથ ફીરાવવા લાગો. મેં હજુ પણ શક માં હતો કે, હું શું જોઇ રહ્યો છું ? શું મેં ખ્વાબમાં છું કે જાગુ છું ? શું મેં હકીકતમાં મદીના પહોંચી ગયો છું ?

ચાલતો ચાલતો હું રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની કબરે અન્વર પર આવો. કબરને ચોતરફ મેં સાત ફેરા ફિરો, તવાફ કીધો, આપ નબી સાહબના કદમ અને સર પર તાઝીમ બજા લાવો. આપને યાદ કરીને હું ખૂબ રોયો, અલ્લાહથી મારી મગફેરતની દોઆ કીધી. આપની આ ઝિયારત મારા વાસ્તે કાઅબાના દીદારથી કમ ન હતી. મેં ઝિયારતથી ફારિગ થયો પછી મને યાદ આવું કે, મદીનામાં મેં એક જગામાં મારા ૧૦૦ દીનાર દફન કીધેલા છે તે લઇ લઉં, મેં ત્યાં પહોંચો અને ઝમીનને ખોદવા લાગો તો જોવ છું કે, થેલીમાં ૧૦૦ દીનાર પૂરેપૂરા સલામત છે. **મેં દીનારવાલી તે થેલીને લઇ લીધી પણ તેમાંથી એક દીનાર ત્યાં પડી ગયો જેની મને ખબર ન પડી.** હું નબી સાહબ (સ.અ.વ.વ.) ની કબરે અન્વર પર પાછો આવો, કબરને તવાફ દીધો, ઝિયારત કીધી, સલવાતો સલામ પઢા અને જે નૂરમાંથી હું મદીનામાં દાખિલ થયો હતો તે નૂરમાં મેં પાછો વલી ગયો. મેં મૌલા અલી (અ.સ.) ને નઝદીક હાઝિર થઇ ગયો.

મૌલા અલી (અ.સ.) એ મારા ચહેરા સામે જોઇને તબસ્સુમ કીધો. આપ મને ફરમાવે છે કે, તમેં મારા આકા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝિયારત કીધી અને તમારા દફન કીધેલા દીનાર પણ લઇને આવા ને ! પછી આપે કહ્યું કે, અય જાબિર ! શું તમને ખબર છે કે, ૧૦૦ દીનારની થેલી માંથી એક દીનાર ત્યાં પડી ગયો છે ? મેં ફૌરન મારી થેલીમાં તપાસ કીધી તો માઅલૂમ થયું કે, મૌલા હક્ક ફરમાવે છે. મૌલાએ કહ્યું કે, **અય જાબિર ! તમને તે એક દીનાર ઝાયેઅ ન કરવો જોઇએ, તમેં તેના માલિક છો, ખુદા તમારાથી તેનો સવાલ કરશે.** મેં પૂછ્યું કે, અય મૌલા ! હું શું કરૂં ? મૌલા અલી (અ.સ.) એ ફરમાવું કે, તમેં પાછા તે નૂરમાં દાખિલ થાવ અને તમારો તે એક દીનાર લઇ આવો. મેં જેમ પહેલા ગયો હતો તેમ ગયો, આકા નબી સાહબની કબર મુબારકની ઝિયારતનો શરફ લીધો, તે જગા પર ગયો જ્યાં મેં ખાડો કીધો હતો. મેં જોયું કે, મૌલાએ જેમ કીધું હતું તેમ ત્યાં ખાડાના છેડા પર એક દીનાર પડેલો હતો. મેં તે દીનારને લઇ લીધો. પાછો હું મારા આકા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની કબરે અન્વર પર આખિરી સલામ

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**મોટામાં મોટી દૌલત ખોટી તમન્નાઓને મુકી દેવું છે.**

*(પેજ નં. ૧નું બાકી)* ***ઝિયારતનો શૌક.....***

વાસ્તે ગયો, તવાફ દીધો, ઝિયારત કીધી, એમ કુલ મેં ૨૮ વાર કબરના ફેરા ફીરો. જે નૂરમાંથી હું મદીનામાં આવો હતો તેમાં પાછો ચાલો ગયો અને મૌલા અલી (અ.સ.) ની હઝરતમાં હાઝિર થઇ ગયો.

આ રિવાયતથી મુમેનીનને મૌલાના અલી (અ.સ.) ની શાને જલી, આપની મોઅજિઝનુમાઇ-મુશ્કિલકુશાઈની ઝલક ઝાહિર થાય છે, મૌ.જાબિર (રિ.અ.) ની ઝિયારતે કબરે નબવી વાસ્તે નિય્યતે સાદેકા, કબરે અન્વરની તાઅઝીમ-અદબ, વસીલા પર યકીન હોવાની હકીકત સામે આવે છે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની તે હદીસ કે, **"જે શખ્સે મારી કબરની ઝિયારત મારી મૌત બાદ કીધી, તેએ જાણે મારી હયાતીમાં મારી મુલાકાત કીધી,"** આ કલામની સમઝ મૌ.જાબિરના કબરે નબવીની ઝિયારતના અમલ કરવાથી મીલી આવે છે.

પ્યારા મુમેનીન ! મૌલા અલી (અ.સ.) ના દાઈ સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ફરમાવે છે કે, ખુદાની ઝાત આઅલા છે અને આ અલી છે. આ રિવાયતમાં અલી (અ.સ.) પોતાની અલવી શાન બતાવે છે અને આઁખની એક મિચકારમાં મૌ.જાબિરને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ઝિયારત કરાવે છે. આ આપની લાસાની કુવ્વત છે. જે ન બની શકે તેને આપ કરીને બતાવે છે. અલી ખુદાના વલી છે. ખુદાનુ નૂર આપની ઝાતે અન્વરમાં છે. આપ આદમીની શિકલમાં એક ઇન્સાને કામિલ છે. આપના આ મરતબાનો મુમેનીન ઇકરાર કરે છે. **આ ઇમાન ઘણુ ભારી છે, જેમાં આપની શાનની ગૈબની વાતો સમાયેલી છે.** ઈમાનની શરતોમાં ગૈબ પર યકીન કરવું ફરઝ છે. આ રિવાયત ગૈબની વાતોથી ભરેલી છે જેના પર ઈમાન લાવવાથી અકીદો મઝબૂત થાય છે.

આજે ઈલેક્ટ્રોનીક, ટેકનોલોજી, સેટેલાઈટ અને ઈન્ટરનેટ નો ઝમાનો છે. ૧૫-૨૦ સાલ પહેલા જે ચીઝનો તસવ્વુર-ગુમાન ઈન્સાન કરી શકતો ન હતો તે આજે એ પોતાની નઝરોને સામે જોઇ રહ્યો છે. એક સેકંડમાં ટીવી કે કોમ્પ્યૂટરની સ્વીચ ઓન કરવાથી સેંકડો માઇલની ચીઝ અપને સ્કીન પર જોઇ શકીએ છીએ. આ ચીઝો ઈન્સાનની હુશિયારી અને ઈલ્મનો નતીજો છે. તો પછી ખુદાએ જેને વસીનો દરજો બખ્શો હોય, તો શું એ મદીનાની ઝિયારત એક નૂરની ઝલકમાં ન કરાવી શકે ? હાઝિર ઝમાનની નિશાનીઓથી ગુઝરેલા ઝમાનની હકીકતોનો ઈકરાર થાય છે. મૌલા અલી (અ.સ.) ની ઝાત મુબારક જિસ્માની તેમજ રૂહાની એમ બેવે આલમમાં છે. ખુદાતઆલા મૌલા અલી (અ.સ.) અને આપના ફરઝંદો તથા આપના દોઆત પર સલવાતો સલામ પઢજો. ★

## -::: દીવાને મૌ.અલી (અ.સ.) :::-

**❖ અ બોનય્યા ઇન્નઝ ઝિકરા ફીહે મવાએઝુન**
**ફમનિલ્લઝી બએઝાતેહી યતઅદ્દબૂ.**

**માઅના :** અય મારા ફરઝંદ ! ઝરૂર, ઝિક્ર (કુરઆન) માં તમામ શીખામણો સમાયેલી છે,
પણ એવો કોણ છે તે, કે જે કુરઆનની શીખામણોથી અદબવાલો થાય ?

**તશરીહ :** અલ્લાહતઆલાએ કુરઆને કરીમને તેનામાં જ કિતાબ, ઝિક્ર, નૂર, હિદાયત, અહકામ અને આયતોના અલગ-અલગ લફઝોથી યાદ કીધેલો છે. જે કુરઆન પઢે અને અહલુલ બૈત (અ.સ.) થી એની અસ્લી અને સાચી માઅના સમઝે તેને અહલુલ ઝિક્ર કહેવાય. મૌ.અલી (અ.સ.) આપના લાડલા ફરઝંદ મૌ.હુસૈન (અ.સ.) ને ફરમાવે છે કે, અય મારા ફરઝંદ હુસૈન ! કુરઆન અલ્લાહના એવા કલેમાતનો મજમૂઓ છે જેમાં શીખામણોનો ભંડાર છે, ખુશગવાર નસીહતોનો ઝખીરો છે. **કુરઆનનું ઝાહિર અનીક-બેજોડ છે અને તેનું બાતિન અમીક-ગહેરૂં છે.** પરહેઝગારો વાસ્તે દીન અને દુનિયા સઁવારવાની તમામ હિદાયત કુરઆને કરીમમાં મૌજૂદ છે, પણ એ લોગો વાસ્તે કે જેઓ કુરઆનની આયાતમાં ફિકર કરે, ગૌરો ખૌઝ કરે, હર ચીઝમાં મનન-મંથન કરે. ઈસ્લામી અદબ-તહઝીબની બુનિયાદ-અસાસ કુરઆને કરીમ-ફુરકાને હકીમ જ છે, કેમકે અલ્લાહતઆલા ખુદ આની શાહિદી આપે છે કે, **"મા ફર્રતના ફિલ કિતાબે મિન શય"**, હમેં આ કિતાબમાં કોઇ ચીઝને છોડી નથી. પણ તમામની ઝિક્રે ખૈર કીધેલી છે, જેનાથી સબક લઇ શકાય. અક્લવાલાઓ વાસ્તે હિકમત છે અને સમઝદારો વાસ્તે નસીહત છે. ★

**જે શખ્સ લંબી-લંબી ઉમ્મીદો કરશે તે પોતાના અમલને બેકાર કરશે.**

## સરચશ્મો : રિશ્તાઓનું સુખ-દુઃખ

મારો તમારા સાથે રિશ્તો થયો, તઅલ્લુક બંધાયો.
મને ઘણી ખુશી થઈ પણ.....
સાથે સાથે, મેં તમારાથી ઉમ્મીદો રાખવાનું શુરૂ કીધું.
**જે જે વક્ત મારી ઉમ્મીદો પૂરી થઇ, તે વક્ત**
- મને સુકૂન થયું.
- વધારે ઉમ્મીદો ઉભરવા લાગી.
- મને અપનો તઅલ્લુક ખૂબ ગમો. મગર....

**જે વક્ત મારી ઉમ્મીદો પૂરી ન થઇ, તે વક્ત**
- મને તમારા સાથ વાસ્તે અનગમો થયો.
- તમારી હાઝરી મને ખૂંચવા લાગી.
- તમારાથી મને ચીડ થઈ, ગુસ્સો આવો.

અને પછી મેં તમારો વાંક કાઢવાનું શુરૂં કીધું. મને જે તકલીફ થઈ તે વાસ્તે મેં તમને ઝિમ્મેદાર ઠેરાવા. મારા દુઃખ વાસ્તે મેં તમને જવાબદાર ગીના. ઉમ્મીદો મેં રાખી, પણ જવાબદાર તમેં !!!
મગર, હવે હું સમઝી ગયો છું.
સુખ અને દુઃખનું જડ અને અસલ ઉમ્મીદોમાં છે.
હવે હું મારા દિલમાં ઉઠતી ઉમ્મીદોથી ખબરદાર રહીશ.
હવે હું બીજાથી ખોટી ઉમ્મીદો નહીં જ રાખું.

જેના સાથે રિશ્તો નાતો બંધાયો હોય તેને બરાબર ન પહેચાનવું જ નાઈત્તેફાકી અને નાઉમ્મીદી વધારે છે. આના સબબ કેટલી વાર એકબીજાની બેઈઝઝતી પણ થઈ જાય છે, તે વક્ત દિલમાં ઊંડો ઘા લાગે છે. આ આઘાતની અસલ જડ કઈ સામેવાલાની બેઈઝઝતી થઈ તેમાં નથી મગર **"બધા મારૂં કહ્યું માને"** આ ઉમ્મીદમાં રહેલી છે.

આ સુખ-દુઃખનો સિલસિલો અટકાવવાનો રસ્તો છે ખરો - એ સમઝી લેવું કે, બધા દુઃખોની જડ ઉમ્મીદોનું અધુરૂં રહી જવું છે. યાઅની કે જો દુઃખ ન જ બરદાશ્ત કરવું હોય તો ઉમ્મીદ જ છોડી દેવી યા રાખવી જ નહી. ઉમ્મીદ હોય જ નહીં, તો તેને પૂરી કરવાનો સવાલ જ ઊભો ન થાય! મગર આ દુનિયાની ઝિંદગી અપના વાસ્તે એવી હકીકત છે કે, જેમાં ઉમ્મીદ બગૈર જીવવું નામુમ્કિન છે અને **તે ઉમ્મીદ જ છે જે ઇન્સાનને જીવવાનો હોંસલો આપે છે,** રસ્તો બતાવે છે. ઉમ્મીદ પર તો દુનિયા કાઈમ છે! જો ઉમ્મીદ રાખવી હોય તો તેના પૂરા ન થવા પર દુઃખની જવાબદારી પણ ઉઠાવવી પડશે. બીજાને પોતાના દુઃખ વાસ્તે ઝિમ્મેદાર ઠેરવવા એ કઈ અકલમંદી નથી. અપની જાણકારી બગૈર જો કોઈ અપને ઝલીલ કરી શકતું નથી, તો દુઃખી કઈ રીતે કરી શકે?

**"ચાહ્યા મુજબનું થાય તો સુખ-ખુશી અને મરઝીથી ખિલાફ થાય તો પણ રાઝી-ખુશ,"** હર હાલતમાં અલ્લાહનો શુક્ર, હર તકલીફમાં અલ્લાહ ઉપર તવક્કુલ, હર મોડ પર દોઆનો સાથ, એવું જે વક્ત અપને યકીન સાથે માનીએ તો અપનું સુખ અપના પોતાના ઉપર જ નિર્ભર રહે છે- બીજા કોઈને ઉપર નહીં. દુઃખ એ દિમાગમાંથી પૈદા થાય છે, હાલાતમાંથી નહીં. તેથી જો દિમાગી હાલત સહીહો સાલિમ હોય તો દુઃખથી આઝાદ થઈ શકાય છે. દુઃખનો સબબ તપાસી, એમાંથી જે ઉમ્મીદો પૂરી નથી થઈ, તેને છોડી દેવાથી દુઃખ ગાયબ થઈ જાય છે અને દિમાગ તરો તાઝા બની જાય છે અને રિશ્તાઓમાં એક નવી રંગત અને મોહબ્બત પૈદા થાય છે. ★

**Happy Mind Happy Heart,**
**Happy Heart Happy Relations,**
**Happy Relations Happy Life. ★**

## -::: ઝરૂરી એલાન :::-

**ધોરણ ૧ થી ૩ : ૯૦% યા તેથી વધુ**
**ધોરણ ૪ થી ૭ : ૮૦% યા તેથી વધુ**
**ધોરણ ૮,૯ અને ૧૧ : ૭૫% યા તેથી વધુ**
**ધોરણ ૧૦ (SSC) : ૮૦% યા તેથી વધુ**
**ધોરણ ૧૨ (HSC) સાયન્સ/કોમર્સ : ૭૫% યા તેથી વધુ**
**ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન : ૬૦% યા તેથી વધુ**

કોઈ પણ માધ્યમ યા descipline માં તાઅલીમ લઈ રહેલા જમાઅતના હુશિયાર-હોશમંદ ફરઝંદો-દુખ્તરો જે ઉપર આપેલા ક્લાસોના ફાઈનલ ઈમ્તેહાનમાં અવ્વલ Performance અને આઅલા માર્કસ સાથે કામિયાબ થયેલા હોય એ તમામથી હમારી ગુઝારિશ છે કે, આ મહીનાની ૧૫ તારીખ તક કૌમી નૂરાની લિબાસમાં પોતાનો પાસપોર્ટ સાઈઝ ફોટો અને માર્કશીટની કોપી રૂા.૨૦/- સાથે "અલ-હાદી" ના એડ્રેસ પર યા મુલ્લા અમીરૂદ્દીન ઝરીવાલાને રૂબરૂ આવી આપી જાય.

આ સિવાય મુમેનીનના ફરઝંદ-દુખ્તર માંથી કોઈએ સ્કૂલ-કોલેજ યા કોઈ પણ પ્રોજેક્ટ યા કોમ્પીટીશનમાં ગૈરમાઅમૂલી કાબિલે ઝિક્ર કારકિર્દગી હાસિલ કીધી હોય તો તેઓ પૂરી વિગત હમને પહોંચતી કરે. ઈન્શાઅલ્લાહ હમેં હત્તલ ઈમ્કાન એની હોસલા-અફઝાઈ કરીશું અને Website ના "Shining Stars" ના માતહત એની ઝિક્રે ખૈર થાશે. ★

**એહમકનું દિલ એની ઝબાનમાં છે અને અક્લમંદની ઝબાન એના દિલમાં છે.**

## -::: હક્ક :::- કિસ્ત : ૨

જે વકત ઈસ્લામનાં આમ ફિરકાઓ કુરઆની આયાતનાં ઝાહિરમાં યાકે સુન્નતે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) માં કોઈ વાતના ખુલાસાને નથી પાતા તો તેઓ પોતાના ગુમાન અને મનમાનીથી તેનો ખુલાસો તર્ક વિતર્કથી કરી લે છે. હવે હક્કના લોગો આ બારામાં કહે છે કે, તેઓ પોતાની તમામ વાતોનાં ખુલાસા અને મતલબ ઉલુલ અમરને પાસેથી મેલવી લે છે કે જે તેઓના વાસ્તે અહલે ઝિક્ર છે. અલ્લાહ અને અલ્લાહના રસૂલની સાચી પહેચાન કરાવનાર છે. અલ્લાહતઆલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને મુખાતિબ થઈને ફરમાવે છે કે, હમેં તમારા પર હક્ક સાથે કિતાબ નાઝિલ કીધી છે તાકે તમે લોગોને દરમિયાન જેમ ખુદા તમને બતાવે તેમ "**હક્ક**" થી ફેસલા કરી શકો. અલ્લાહતઆલાએ હમારા નબીને રિસાલતનો તાજ પહેરાવો અને તમામ લોગોમાંથી મુસ્તફા બનાવા-પસંદ કરી લીધા-ચોખા કરી લીધા. તેથી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે ફેસલો કરે તે હક્કથી જ કરે. આપના હર કોઈ ફરમાન અને હુકમો ઈન્સાફમાં હક્ક અને સચ્ચાઈની ખુશ્બૂ મેહકે. **આપનો હર અમર હર મુસલમાન વાસ્તે હક્ક છે, સાચો છે, સીધો છે, ફસલે ખિતાબ છે, હર ઝમાનમાં રાઈજ અને જાઈઝ છે.** આપની આલમાંથી ઉલુલ અમ્ર છે, જે હર ઝમાનમાં હર દૌરમાં હક્કનાં સાહબ હોય છે. એક આમ ઈન્સાનના ઘરમાં ઘરનાં રઈસના હાથમાં ઘરના નિઝામની લુગામ અને કારોબારની બાગદૌર હોય છે, તેના હાથમાં હુકમનો ઈક્કો હોય છે. તો પછી ઉમ્મતને દરમિયાન દીન બાબત અમ્રના સાહેબના હાથમાં શરીઅતની લુગામ કેમ ન હોય. દુનિયા વાસ્તે રઈસ હોય તો દીન વાસ્તે સરદાર કેમ ન હોય. દુનિયાદારીનો નિઝામ મઝબૂત કરવા વાસ્તે મુખી હોવા ઝરૂરી છે તો દીનનાં હલાલ-હરામ, જાઈઝ-નાજાઈઝ, કઝાયા-અહકામને કાઈમ કરવા હીદાયતનુમા દાઈની ઝરૂરત ઘણી ઝિયાદહ છે, આ હકીકતને મદ્દે નઝર રાખીને કે દુનિયા, જિસ્મ, દૌલત તે ફાની છે પણ હયાતે આખેરત બહેતર અને બાકી રહેનારી છે. રસ્તે ચાલતા હૈવાન-ચોપાયાની મંઝિલ તરફ સહીહો સાલિમ પહોંચાવવા વાસ્તે રાઈ-ભરવાડની ઝરૂરત હોય છે, તો જે મંઝિલે આખેરત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બતાવી ગયા છે તેના તરફ ઉમ્મતને પહોંચાવવા આલે મોહંમદ (અ.સ.) તરફથી આવેલી હિદાયત આપવા વાસ્તે કોઈ એક હક્કના હાદીની ઝરૂરત શું મેહસૂસ ન થાય ? જે કૌમનાં દિલો દિમાગમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નાં બાદ કોઈ એક ખલીફએ હક્ક, રાહબરે દીનો મિલ્લત, હાદીએ કૌમ અને ઈમામે ઉમ્મતનો તસવ્વુર જ ન હોય તેના દિલો દિમાગમાં "**હક્કનાં**" અને "**હક્કની દાઅવતનાં**" નિઝામનો તસવ્વુર પૈદા થાવો નામુમ્કિન છે.

ઉપરની દલીલોથી હક્કની ઝિયા અને નૂર ઝલકી ઉઠે છે. હક્ક શું છે ? કયાંથી આવો ? કોના વાસ્તે આવો ? કેવી રીતે આવો ? કયા સબબથી આવો ? કયાં છે ? કયાં જશે ? આ સવાલોના જવાબ વાસ્તે આ મઝમૂન કિફાયત કરે છે. મુમેનીન જાણે છે કે, કોણ હક્ક પર છે અને કોનો કેટલો હક્ક બને છે હક્કના સવાલો કરવાનો ! મુમેનીન વરસોથી સાહબે હક્કના બયાનોને સાંભલે છે અને હક્કની દાઅવતના અરકાનથી વલગી રહી હક્કતઆલાની ખુશી ખાતિર અમલે હક્ક બજા લાવે છે. નગૂના, કમઅકલ અને બદગુમાન છે તે હક્કના દુશ્મનો જેઓ **નમાઝના હક્ક**ને જાણા બગૈર અપની મસ્જિદોને છોડીને ગૈર લોગોના વાડાઓમાં જઈને નમાઝ નહીં પણ રમતબાઝી કરે છે, જેઓ **ઝકાતનો હક્ક** ડૂબાવીને ગૈર લોગોની ઝોલીઓ ભરી ઝકાતનું લેબલ લગાવે છે, જેઓ વલાયતે સાહબે હક્કના **હક્કનું કત્લ કરી** લોગોની ભલાઈ કરવાનો મુખોટો પહેરે છે, જેઓ હિદાયત-સલાહની લીસી વાતો કરી **ગુમ્રાહીનું ઝહેર** ઓકે છે, જેઓ ઈસ્માઈલી- તૈયેબી અકીદાઓની બુનિયાદને જ નથી સમઝા તો સાહબે હક્કના દુશ્મનોની બનાવટી **વાતોના ચંગુલમાં** ખોટા અકીદાને ધારણ કરી લે છે, જેઓ **કુરઆનના હક્કનું** ગલું દબાવીને નાતિકુલ કુરઆન ઈમામે હક્કના દામનને ઝટકીને બેઈમાન લોગોના ગિરોહમાં ખોટી તફસીરો સાંભલવા જાય છે, જેઓ જ્યારે બનાવટી અલવી બોહરા હોય છે તો **કલીન શેવ** યા કપાયેલા ઘાઁસ જેવી દાઢીવાલા હોય છે પણ જ્યારે દાઈએ હક્ક સાથે તેઓનો ગરઝ-મતલબ પૂરો થાય છે તો ચેહરા પર કુફ્રના બાલવાલી પૂરી **લહેરાતી ફસલ** ઉગાવે છે, જેઓ હક્ક અને સુધારાની વાતો તો ખૂબ કરે છે પણ પોતે પોતાના ઘરને સુધારી શકતા નથી, જેઓ પોતાના માઁ-બાપના હક્કને સમઝા બગૈર તેમના **અસલી દીને નજાત** છોડીને જહન્નમની આગના

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**અલ્લાહતઆલાએ તમારી બીમારીને તમારા ગુનાહોને ધોવાનો સબબ બનાવો છે.**

# -: ત્રણ દોસ્તો :-

એક શખ્સના ત્રણ દોસ્તો હતા. આ દોસ્તો માંથી એકને એ શખ્સ દિલો જાનથી ચાહતો હતો. હર તરહની તકલીફ-આફતમાં એને મદદ કરતો હતો. જે ચીઝ એ દોસ્તને પસંદ હોય અને જેનાથી એ ખુશ થતો હોય તે જ પોતાને વાસ્તે પસંદ કરતો હતો. એની મોહબ્બતની ઈન્તેહા એ હતી કે, એને કોઈ પણ તરહનો ગમ કે મલાલ ન થાય એ વાસ્તે રાત દિન કોશિશ કરતો અને કોઈ પણ વકત એના વાસ્તે પોતાનો જાનમાલ ખર્ચવું એ શખ્સને ભારી પડતું ન હતું.

હવે આ શખ્સનો બીજો દોસ્ત પહેલા દોસ્ત કરતા મોહબ્બતમાં થોડો ઓછો હતો, છતા એ પણ એને ઘણો પ્યારો હતો. એની ઈઝઝત સાચવવામાં પોતાની ખુશઈકબાલી સમઝતો હતો અને ઝૌકો શૌકથી એની ખાતિરદારી કરતો હતો. ત્રીજા દોસ્ત સાથે આ શખ્સનો તઅલ્લુક બીજા બે દોસ્તો કરતા સારો ન હતો. એની સાથે ઘણી ઓછી મુલાકાત કરતો અને જો મીલવાનું થાય તો પણ એને પોતાના દિલની વાત કરતો ન હતો.

એક દિન આ શખ્સના ઘર પર બાદશાહનું ફરમાન લઈને ચંદ સિપાહીઓ આવા. **બાદશાહના દરબારમાં હાઝિર થાવાનું એને ફરમાન થયું.** એ શખ્સ ગભરાયો અને ગહેરી સોચમાં પડી ગયો. આ બાબત વાસ્તે એ પોતાના સગાઓ, સોહબતીઓ અને દોસ્તો પાસે મદદની ઉમ્મીદથી ગયો કેમ કે, એને કોઈ વકત બાદશાહ કે તેના દરબારો મહેલને જોયા ન હતા. એ વિચારવા લાગો કે, હું કયા તરીકાથી બાદશાહના મહેલમાં જઈશ ? મને કઈ પૂછવામાં આવશે તો હું તેનો શું જવાબ દઈશ ? મારાથી કોઈ ખતા તો સરઝદ નહીં થાય ને ? મારા વાસ્તે બેહતર તો એ થાશે કે હું મારા કોઈ અનીસ અને મદદગારને સાથે લઈને જાવ.

તે વાસ્તે એ શખ્સ એના પહેલા દોસ્ત પાસે ગયો, જેને એ દિલો જાનથી ચાહતો હતો. એ શખ્સ બોલો કે, અય મારા અઝીઝ દોસ્ત ! હું એક તકલીફ અને પરેશાનીમાં ફસાયેલો છું, મને તારી મદદની અઝહદ ઝરૂર છે. આજે બાદશાહના દરબારમાં હાઝિર થાવાનો બુલાવો આવો છે. **હું એકલો જાતા અચકાવ છું, મારા દિલમાં આ વાસ્તે ઘણો ખૌફ છે, તેથી હું તારી યારી અને સોહબતની ઉમ્મીદ રાખું છું.** એ દોસ્ત બોલો કે, ભાઈ ! હું તો હમણા ઘણો મશ્ગૂલ છું, મારા બીજા દોસ્તો સાથે મને કામકાજ છે. પણ હું તારા વાસ્તે થોડો અસ્બાબ અને તોશો તૈયાર કરી આપું છું, જે તને રસ્તામાં કામ લાગશે. બાકી મારાથી તો બિલકુલ અવાશે નહીં અને ઘરથી બાહર નિકલાશે નહીં.

હવે એ શખ્સ નાઉમ્મીદ થઈને, પસ્તાવો કરીને અને પરેશાનીની હાલતમાં એના બીજા દોસ્ત પાસે ગયો અને તમામ સૂરતે હાલ બયાન કરી એની મદદની ખ્વાહિશનો ઈઝહાર કીધો. એ દોસ્તે કહ્યું કે, **અય ભાઇ ! હું તારી પરેશાનીથી વાકિફ થયો, મગર હું તારા કામમાં મદદ કરી શકું એમ નથી.** હું મારા ખુદના કામમાં જ એટલો રોકાયેલો છું કે, તારા સાથે આવી શકું નહીં. તું કોઈ બીજો બંદોબસ્ત કરી લે; પણ અપની દોસ્તીના વાસ્તાથી હું તારા સાથે બાદશાહના મહેલના દરવાઝા તક આવવાનું વિચારી શકું છું. તેના પછી તું જાણે અને તારું કામ જાણે. હવે એ શખ્સે આ બેવે દોસ્તો વાસ્તે જે મેહનત અને મુસીબત ઉઠાવી હતી એ યાદ આવી ગઈ અને એની આઁખો માંથી આઁસુ ટપકવા લાગા, અને ઘણો ગમગીન થયો. આખિરકાર એ શખ્સ લાચાર થઈને એના ત્રીજા દોસ્તના દર પર ગયો જેને એ દરાઝ મુદ્દતથી મીલો ન હતો. એ શખ્સે શરમિંદગી સાથે દોસ્તને કહ્યું કે, અય ભલા ભાઈ ! તમારા સાથે વાત કરતા આજે હું ઘણો શરમાવ છું, મેં તમારી ખુશી-ગમીમાં શરીક ન થઈ શકો, તમારા સાથે એ રિશ્તો ન નિભાવી શકો જે એક દોસ્ત તરીકે રાખવો જોઈએ, તેથી અય ભાઈ, હું તમારાથી મઆફી ચાહું છું. એ દોસ્ત બોલો કે, તું ઝરા પણ પરેશાન ન થા. હું હર વકત તારા સાથે છું. કોઈ પણ જગા પર આવવા હું તૈયાર છું. તારી તકલીફ એ મારી તકલીફ છે. એ શખ્સે બાદશાહ ના બુલાવા બાબત એને આગાહ કીધો. એ દોસ્તે ફૌરન એને યારી દેવા અને મદદ કરવાનો મીઆદ આપો, અને કહ્યું કે, **" હું નસીબદાર છું કે એક દોસ્તની મુશ્કિલને આસાન કરૂં."**

એ શખ્સ બોલો કે, "ખરા દોસ્તની દોસ્તીમાં મેં કુસૂર કીધો અને ભૂંડા દોસ્ત વાસ્તે મેં મેહનત બરદાશ્ત કીધી. અય મારા ભલા દોસ્ત, આ તમારી વાતથી મને સુકૂન થયું અને તમારી હિમ્મતથી મને કુવત મીલી અને મારૂં

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**ખુશા નસીબ એ શખ્સ વાસ્તે જે આખેરતની ઝિક્ર કરે, ➤**

*(પેજ નં. ૫ નું બાકી)* ***ત્રણ દોસ્તો.....***

દિલ તમારી વફાદારીથી ઘણું જ ખુશ થયું. તમારી દોસ્તીમાં મેં કુસૂર કીધો તે વાસ્તે **હું પસ્તાવ છું અને શરમિંદા છું અને બેવફા દોસ્તોને પાછલ મેં મારો વક્ત ઝાયેઅ કીધો એથી મેં દર્દમંદ છું.**

આ હિકાયતમાં જે પહેલો દોસ્ત છે તે માલ અને મિલ્કત છે, બીજો દોસ્ત છે તે અહલો ઔલાદ અને મોહબ્બતવાલા લોગો છે અને ત્રીજો દોસ્ત તે પોતાના ખૈર આઅમાલ છે. દુનિયાના લોગો વાસ્તે આ હિકાયત છે કે, જે પહેલો દોસ્ત માલ અને મિલ્કત છે, એને જમા કરવામાં દિવસ-રાત મેહનત અને મુસીબત ઉઠાવી, હરામ-હલાલનો ખ્યાલ ન કીધો અને ફક્ત જમા કરવામાં ગિરફતાર રહ્યા. હવે જે વક્ત બાદશાહનો બુલાવો આવો, યાઅની કે ખુદાતઆલાના દરબારમાં જાવાનો વક્ત આવો અને મલકુલ મૌત સામે આવીને ઉભા રહ્યા તે વક્ત માલ-મિલ્કતમાંથી કોઈએ પણ સાથ ન આપો, ફાયદો ન કીધો, જહાઁ હતો વહાઁ જ રહ્યો. ફક્ત કફન વાસ્તે કપડાનો થોડો ટુકડો આપો અને એ પણ કબરમાં મૈયતને ઢાંકવા વાસ્તે. માલ અને દૌલત સાથે આવા નહીં અને દગો દીધો, અને તે બીજાના કબઝામાં ગયા. બીજો દોસ્ત અહલો ઔલાદ અને કરાબતવાલા છે. જેઓએ કહ્યું કે, **"હમેં તો કબર તક આવીશું, પછી તમેં જાણો અને તમારી કબર, હમેં તો તમને કબરમાં એકલા છોડી જઇશું ! હમને તો દુનિયાના ઘણા કામો છે."** આ સગાવાલાઓએ પણ કઇ ફાયદો કીધો નહીં. જે ખાનદાનવાલાઓ સાથે ઝિંદગી ભર રિશ્તો રાખો તે પલ ભરમાં તન્હાઈ અને વેહશતના ઘરમાં નાખીને ચાલા ગયા. **હવે ત્રીજો દોસ્ત અમલે ખૈર છે, જે સાચો અને ખરો દોસ્ત છે. કબરમાં રાહત અને રોશની આપશે, હિસાબ-કિતાબને વક્ત અનસત અને ચૈન આપશે, કયામતના દિન શફાઅત કરશે અને જન્નતમાં દાખિલ કરશે.**

તેથી અય ઈમાનદારો ! તમેં ઈલ્મ અને અમલમાં સુસ્તી કરો નહીં, જેમ બને તેમ આ ત્રીજા દોસ્ત સાથે દોસ્તી કરવાની કોશિશ કરો. આજનો કાલ ઉપર ભરોસો ન કરો, જેથી મૌતના આવવા પહેલા મૌતનો શૌક રહે. અલ્લાહતઆલા અમલે ખૈર કરનારને બેહદ પસંદ કરે છે. ★

---

*(પેજ નં. ૪ નું બાકી)* ***હક્ક.....***

ખાડામાં ખુદને પટકે છે, જેઓ પોતે તો ગુમ્રાહ થયા પણ **પોતાની ઔલાદ** જે હમણા નાના છોડવા જેવી છે જ્યારે મોટા દરખ્ત થાશે, શાદી કરવાનો વક્ત આવશે અને દર-દર ભટકવું પડશે **ત્યારે હક્ક યાદ આવશે. ઝરૂર, યાદ આવશે.**

હક્ક એવા **લીલાછમ દરખ્ત** જેવું છે જેને ખિઝાની હવા અડકતી નથી. હવે જે પત્તુ દરખ્ત સાથે ગદ્દારી કરે છે અને હક્કથી ફૈઝ મીલતો તેને બંધ થઇ જાય છે અને તે દરખ્ત પરથી છુટું પડે છે તો પોતે પોતાનો વુજૂદ ખોઈ બેસે છે અને **ખિઝાની હવાના ઠપેડાઓ** ખાય-ખાયને ધૂલમાં નૈસ્તો નાબૂદ થઈ જાય છે.

*"કે હક્કવાલે કભી બાતિલ સે ઘભરાયા નહીં કરતે,*
*જો હક્ક હે, હક્ક રહેગા, હક્ક કભી મીટતા નહીં નાદાઁ."*

***સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ના કલામે અન્વર :***

*હક્ક કા જો હે દુશ્મન વો મરદૂદે ખુદા હે, રહેમત સે જુદા હે,*
*રાહત સે નહીં સોએગા વો કબ્ર કે અંદર, અય આલે પયમ્બર.*
***કૌનૈન મેં કાઈમ રખે અલ્લાહ યે દાઅવત***
***અય નૂરે ઈલાહી, અય નૂરે ઈલાહી.***
***મેહફૂઝ રખે દુશ્મને દીં સે યે જમાઅત,***
***અય નૂરે ઈલાહી, અય નૂરે ઈલાહી.***
***હક્ક સે તુમ્હેં દાઅવત મીલી સૈયેદના અલી કી,***
***ઉસ હક્ક કે વલી કી.***
***સર પર તેરે હયદર કી હો ઈમ્દાદો ઈનાયત, અય નૂરે ઈલાહી. ★***

**➤ હિસાબ કિતાબ વાસ્તે અમલ કરે, અલ્લાહની કઝા ઉપર રાઝી રહે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે આ "લફ્ઝી કશ-મ-કશ" ની સિરિઝ દોબારહ શુરૂ કરવામાં આવે છે. જેમાં ચંદ સવાલાત આપેલા છે અને તેના જવાબ મુતાબિક ખાના મુકેલા છે. આ ખાનાઓમાં જે જગા સર્કલ દોરેલું છે તે હુરૂફનો ઈસ્તેમાલ કરી નીચે આપેલા "ફાઈનલ સવાલ" નો જવાબ તલાશ કરવાનો રહેશે.

બધા જવાબોને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

**નોટ :** લિસાનુદ્દાઅવત ઝબાન ઘણી ઝબાનોનો મજમૂઓ છે, તેથી જવાબોમાં એવા હુરૂફ (અક્ષરો) હોય છે જે ગુજરાતીમાં અડધા લખાય છે. પણ યહાઁ જવાબમાં તે હુરૂફને આખા લખવાના રહેશે. મિસાલ : "ઈત્તેફાક", આ લફ્ઝને જવાબ આપતી વક્ત "ઈતતેફાક" અને "ઈસ્તિન્જા" લફ્ઝને "ઈસતિનજા" લખવાનું રહેશે.

**સવાલો :**

(૧) ફાતેમી ઈમામ કે જેના ઝમાનમાં "દઆઈમુલ ઈસ્લામ" કિતાબ લખવામાં આવી ?

◯ ☐ ◯

(૨) અલ્લાહતઆલા અઝમતવાલો છે, એની શાન બલંદ છે, આ માઅના અલ્લાહના કયા નામથી મીલે છે ?

◯ ☐ ◯

(૩) દીને હક્ક છોડનાર શખ્સ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વલાયતનો ------ હોય છે.

☐ ☐ ◯

(૪) બીમારી, રોગ. ◯ ◯ ◯

(૫) ખુશ્બૂ, મહક. ◯ ☐ ☐ ☐

(૬) ઝમાનત આપનાર. ◯ ☐ ☐

**ફાઇનલ સવાલ :**

✲ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હદીસે શરીફ છે કે, "હર ચીઝની ઝકાત હોય છે અને તમારા જિસ્મની ઝકાત રોઝું છે." આ ઝકાત હમેં ક્યારે અદા કરીએ છીએ ?

☐ ☐ ☐ ☐ ☐ ☐ ☐ ☐ ☐ ☐

➡ **ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :**

(૧) (હુ) નૈ દ      (૨) (લા) મ

(૩) (ઝ) ક રી યા      (૪) ક (બી) સો

(૫) ત બા (હ)      (૬) જ લા (લ)

**ફાઇનલ જવાબ :** ઝ બી હુ લ લા હ

સહી જવાબ આપનાર :

**મીયાઁસાહેબ સિરાજુદ્દીન મોગરીવાલા.** ★

## -::: દોઆ એ પુરઅસર :::-

મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, મુમિનનો ભરોસો, તકીયો, એતેબાર અને એતેમાદ પોતાના રબ અલ્લાહતઆલા સિવાય બીજા કોઈના ઉપર હોતો નથી. મુશ્કિલ ઘડીઓમાં જો કોઈ બંદો પોતાના ખાલિક અને રાઝિકથી મદદની ઉમ્મીદ કરે તો એ કોઈ વક્ત ખાલિકની રહેમતથી નાઉમ્મીદ થાતો નથી. **મુમિનને જોઇએ કે પહેલા પાકો ઇરાદો કરે અને પછી તદબીરના સાથે અલ્લાહ પર ભરોસો રાખી ખૈર અંજામનો ઇન્તેઝાર કરે.** ઝરૂર, એની નિય્યત અને ઈરાદા મુજબ એનું કામ તમામ થાશે અને અલ્લાહ તો તેના ઉપર ભરોસો કરનાર મુમિનને ઘણો ચાહે છે. કોઈ અહમ અને ખાસ કામમાં કામિયાબીની ઉમ્મીદ કોઈ શખ્સ રાખે તો આ તસ્બીહને તે કામના પૂરા થાવા તક પઢા કરે :

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

**વતવક્કલતો અલલ્લાહ લા ઇલાહા ઇલ્લા હોવલ હય્યુલ કય્યૂમ - લા તુદરેકોહુલ અબ્સાર વ હોવા યુદરેકુલ અબ્સાર વ હોવલ લતીફુલ ખબીર - વ અલલ્લાહે ફલયતવક્કલિલ મુમેનૂન વ ફિસ સમાએ રિઝક્કુમ વમા તૂઅદૂન.**

**માઅના :-** મેં અલ્લાહતઆલા પર ભરોસો કીધો, નથી કોઈ ખુદા મગર તે છે જે હય્યુન કય્યુમ છે. તેના તક આઁખો પહોંચી શકે નહીં, જોઈ શકતી નથી મગર તે આઁખોને જુએ છે અને તે લતીફ છે, ખબરદાર છે. અલ્લાહતઆલા ઉપર મુમેનીને ભરોસો કરવો જોઈએ અને આસ્માનમાં તમારૂં રિઝક છે અને તે રિઝકનો જ તમને વાઅદો કરવામાં આવો છે. ★

**ગુનાહ કીધા બાદ એના ઉપર નદામત કરવું ઝિયાદહ બેહતર છે ➤**

## -::: ગુલ્શને ફિક્હ :::- દીને ઈસ્લામમમાં જાઈઝ-નાજાઈઝની ઝિક્ર

### નમાઝ

✤ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, કોઇ શખ્સે કોઇ ગુનાહ કીધો હોય અને પછી એના દિલમાં અલ્લાહના અઝાબનો ડર પૈદા થાય તો એને કહો કે, પહેલા એ કામિલ વુઝૂ કરે, બરાબર પાકો સાફ થાય. પછી કોઇ ખુલ્લી ઝમીનમાં યા કોઈ મૈદાનની એવી જગા પર ચાલો જાય જહાઁ એને પર કોઈની નઝર ન પડે અને ત્યાં બે રકાત નમાઝ પઢે. તે બાદ તઝર્રો અને દિલની પાકીઝગીથી દોઆ કરે કે, અય મારા રબ, મારાથી ફલાઁ-ફલાઁ ગુનાહ થયા છે તો તું તેને મઆફ કર (જે ગુનાહ થયા હોય તે એક-એક કરીને ઝબાનથી કુબૂલ કરે અને તેને પાછો નહી કરવાનું વચન આપે). આ તરહનો એનો અમલ "**કફ્ફારતુઝ ઝોનૂબ**" છે, ગુનાહોને માઁજી નાંખનાર છે. અલ્લાહ બહેતર જાણે છે કે, કોનો કેવો હાલ છે. ઉપર મઝકૂર અમલ તે ગુનાહોની મઆફી વાસ્તે છે કે જે ગુનાહ બંદાને દરમિયાન અને ખુદાને દરમિયાન હોય. હવે તે ગુનાહો-ખતાઓ જે બંદા અને બંદાને દરમિયાન હોય તો આનાથી તૌબા તે વકત જ થાય કે જ્યારે એ બંદાઓ ખુદ મઆફ કરે અને તે કઇ ચીઝ જે લીધી હોય તે એને અદા કરે.

✤ ઈમામ સાદિકે આલે મોહંમદ (અ.સ.) ફરમાવે છે કે, "**વલ્લઝીના હુમ અલા સલાતેહિમ યોહાફેઝૂન,**" યાઅની તે મુમેનીન જે પોતાની નમાઝોને પાબંદીથી અદા કરે છે. આ કુરઆની આયતની તફસીર વાસ્તે આપે કહ્યું કે, ફરઝોની નમાઝને જે શખ્સ એના વકત પર અદા કરે, નમાઝના હક્કને પહેચાનીને પઢે અને નમાઝને ઉપર બીજી કોઈ ચીઝને મુકદ્દમ ન કરે, ઈખ્તિયાર ન કરે તો **અલ્લાહ એ નમાઝી વાસ્તે જહન્નમથી બરાત લખી દેશે, એને અઝાબ નહીં કરે.** આનાથી બરખિલાફ જે શખ્સે ફરઝની નમાઝોને એના વકત પર અદા ન કીધી, નમાઝના હક્કની માઅરેફત ન કીધી, બીજી ચીઝોને નમાઝ કરતા આગલ કીધી તો અલ્લાહનો કુલ્લી ઈખ્તિયાર છે કે, અગર એ ચાહે તો એના બંદાની તૌબાને કુબૂલ કરીને એને મઆફ કરે યા ચાહે તો એને અઝાબ કરે.

✤ આપ (અ.સ.) ફરમાવે છે કે, એક શખ્સ રસૂલુલ્લાહ બાવાજી પાસે આવો અને અરઝ કીધી કે, યા રસૂલુલ્લાહ, આપ અલ્લાહને દોઆ કરો કે, મને જન્નતમાં દાખિલ કરે. આપ નબી સાહબે ફરમાવું કે, હું ઝરૂર દોઆ કરીશ પણ તું મને નમાઝની પાબંદી અને ઘણા-ઘણા સજદા કરીને મદદ કર. યાઅની ફકત દોઆ કામ લગતી નથી પણ જો દોઆ સાથે અમલ અને અમલ સાથે આલે મોહંમદ (સ.અ.) ની વલાયતો મોહબ્બત હોય તો તેની મકબૂલીયતમાં કોઈ શક રહેતો નથી.

✤ મૌલાના અલી વસીએ મુસ્તફા (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ મુમેનીન પર એક દિનમાં પાઁચ નમાઝને ફરઝ કીધેલી છે. આ નમાઝો તેના દરમિયાન જે ગુનાહો થયા હોય તેને મીટાવનાર છે, કફ્ફારો છે, જહાઁ તક કે મોટા ગુનાહોથી દૂરી ઈખ્તિયાર કરવામાં આવે. આ નમાઝો તે છે કે જેની ઝિક્ર અલ્લાહતઆલા કુરઆનમાં ફરમાવે છે કે, "ઈન્નલ હસનાત યુઝહિબનસ સૈયેઆત, ઝાલેકા ઝિક્રા લિઝ ઝાકેરીન", યાઅની બેશક નૈકીઓ બદીઓને દૂર કરે છે, તે નસીહત છે ઝિક્ર કરનાર વાસ્તે. રોઝાના નમાઝ અને દોઆ મુમિનના નાના ગુનાહોને મીટાવે છે, પણ કબાઈર-મોટા ગુનાહો જેમકે, હક્કના સાહબને આપેલા મીસાકને તોડવો, જેહાદથી નાસી જવું, માઁ-બાપને તરછોડવા, કત્લ કરવું, ઝિના કરવી, પાક-દામન બૈરો પર તોહમત-ઈલ્ઝામ મુકવો વગેરા ગુનાહો મીટતા નથી. ★

**બશર બિન ગાલિબ અસદી કૂફી કહે છે કે, " મેં ઇમામ હુસૈન ઇબ્ને અલી (અ.સ.) ને કહેતા સાંભલા છે કે, તે કોઇ શખ્સ હમને દિલથી મોહબ્બત કરશે અને ઝબાનથી મદદ કરશે અને હાથથી નુસ્રત કરશે તો તે શખ્સ કયામતના દિન હમારા સાથે રફીકે આઅલા-મલએ આઅલામાં હશે, તે કોઇ હમારી દિલથી મોહબ્બત કરશે અને ઝબાન-હાથથી હમારી મદદ નહી કરે તો તે શખ્સ હમારા સાથે જન્નતમાં રફીકે આઅલાથી નીચે હશે, તે કોઇ શખ્સ હમારાથી દિલનો કાટ અને અદાવત રાખશે અને ઝબાન-હાથથી મદદ કરશે તો તે જહન્નમના દરકે અસફલ-નીચામાં નીચી જગામાં હશે. તે કોઇ શખ્સ હમારાથી દીલથી દુશ્મની-અદાવત રાખશે, હમારી મદદ તેની ઝબાનથી કરશે પણ હાથથી મદદ નહી કરે તો તે શખ્સ જહન્નમમાં દરકે અસફલથી થોડા ઉંચા દરજામાં હશે. "**

**➤ તે ખૈર અમલ કરતા જે તમને ગુરૂરમાં નાંખી દે.**

## -::: ઝાહેર ખબર :::-

**ડૉ. રોશનઅલી વ્હોરા** એમ.એસ. (ઇ.એન.ટી.)

**નાક, કાન અને ગલાના સર્જન**

**શિફા નર્સિંગ હોમ,**

એકતા ભવનના બાજુમાં, પાણીગેટ, વડોદરા.

ટાઇમ : બુધ-શનિ : ૬ થી ૮ સાંજે રવિવાર : ૧૧ થી ૧૨ સવારે

(અગાઉથી એપોઇન્ટમેન્ટ લઇને આવવું.)

ફોન : ૨૫૭૦૩૩૮ ★

**Parvez Tinwala & Co.**

Chartered Accountants

3/59 A, Baig Mohammed Bldg.,

131/133, R.B.Marg,

Opp. J J Hospital No.9, Mumbai - 9.

Mobile : 9987529366

E-mail : parvez_t@hotmail.com ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

(૧) નામ : વઝીરાબુ કુરબાનહુસૈન ટીનવાલા (એસવાલા)
(ગુલામહુસૈન યૂનુસઅલી અજબશાહ)
તારીખે વફાત : ૧૫ જ.અવ્વલ ૧૪૩૦, શનિવાર
સરનામું : સામ્રાજ્ય ટાવર, ફતેહગંજ, વડોદરા.
ફોન : ૦૨૨- ૨૩૦૯૭૭૪૭.

(૨) નામ : મુલ્લા હુસૈનઅલી જીવાભાઇ નજમી
(અઢારલાખવાલા)
તારીખે વફાત : ૨૫ જ.અવ્વલ ૧૪૩૦, મંગલવાર
સરનામું : બીજા માલે, મદાર કોમ્પ્લેક્ષ, વાડી,વડોદરા.
ફોન : ૨૫૮૧૭૭૭.

(મુમેનીને મરહૂમીનના ફાતેહા પઢવા વાસ્તે ઇલ્તેમાસ છે.)

## -::: ઝાહેર ખબર વાસ્તે :::-

હમારા અઝીઝ કારેઇનને આ ખબર આપતા ઘણી મસર્રત થાય છે કે, હવેથી મુમેનીન પોતાના વેપાર, દુકાન, કારખાના, ઘરેલુ હુનર, ફનકારી યા કોઇ સ્પેશીયલ આઇટમ બનાવવામાં કારીગરી રાખતો હોય તેની ઝાહેરાત - **Advertisement** "અલ-હાદી" અખ્બારમાં આપી શકશે. **Advertisement** ની પૂરી વિગત મહીનાની ૧૫ તારીખ પહેલા હમારા એડ્રેસ પર હમને મીલી જાવી જોઇએ.

| **ઝાહેરાતની સાઇઝ : 3 x 2 Inches** (Approx.) |
|---|
| **3 મહીના : 150/- Rs.** |
| **6 મહીના : 300/- Rs.** |
| **1 વરસ : 600/- Rs.** ★ |

## -::: તસ્હીલુન નિસ્બત :::-
### નિસ્બતને સહેલ કરવાની તદબીર

આ કોલમમાં નિસ્બત વાસ્તે અરઝ આપવી હોય તો રૂબરૂમાં લેખિતમાં હમારૂં ફોર્મ ભરીને ભાઇસાહેબ કમ્બરઅલી ભાઇ (ન્યૂ ઓપ્ટીક હાઉસ, ચોખંડી) ને આપવાની રહેશે. અરઝદાર જો પોતાની અરઝને નામ સાથે છાપવા માંગતા હોય તો એ પણ હમેં કુબૂલ કરીશું. વડોદરાથી બાહર રહેતા મુમેનીન પોતાના રિશ્તેદારો ના ઝરીએ અરઝ આપી શકે છે. અરઝ આપવાનો હદીયો રૂા.૫૦/- મુકર્રર કરવામાં આવો છે. મહીનાની ૧૦ તારીખ પહેલા અરઝ મોકલવા મુમેનીનને દિલી ગુઝારિશ કરવામાં આવે છે. ★

## -::: દરસે અલ્ફાઝ :::-

ઈત્તેસાલ : મિલાપ, રાબેતો, નઝદીકી.
ખબાસત : નાપાકી, બુરાઇ, શરારત.
મલામત : બરૂ-ભલું, બદ કામની ચેતવણી.
કમાલીયત : કાબિલીયત, લિયાકત, ખૂબી.
ઝબ્ત : કાબૂ, બંદોબસ્ત, નિગેહબાની.
જાઁફિશાની : જાનને હક્કને વાસ્તે કુરબાન કરવી.
સરવત : દૌલતમંદી, તવંગરી.
ફહેશ : બેહૂદા વાત, બકવાસ, ગાલી-ગલોચ.
શકી : બદબખ્ત, ઝાલિમ, બદનસીબ.
ઈસ્બાત : સાબિત કરવું, ઈકરાર કરવું. ★

## -::: બેવે જહાનની બેહતરી :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અલ્લાહતઆલાએ મને હિદાયતના કલેમા આ મુજબ ફરમાવા કે, જે વક્ત મેં ઇરાદો કરૂં છું કે, મારા બંદાને દુનિયા અને આખેરતની બેહતરી આપું, તો હું એની ઝબાનને મારી ઝિક્ર કરનારી બનાવ છું, એના દિલને ઝુકનારૂં કરૂં છું, એના જિસ્મને બલા પર સબર કરનાર કરૂં છું અને એને એવા મુમેના બૈરો અતા કરૂં છું કે, જે વક્ત એનો મરદ એની તરફ જોઇ છે તો એના બૈરો ખુશ થાય છે અને એની ગૈરહાઝરીમાં એના માલની અને પોતાની હિફાઝત કરે છે. ★

**જે શખ્સ ઈલ્મને તલબ કરે તો અલ્લાહ એના રિઝક નો ઝામિન થાય.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✤ કુરઆને કરીમની કુલ ૧૧૪ સૂરતો માંથી ૨૯ સૂરતો એવી છે કે, જેના શરૂઆતમાં તૂટેલા હુરૂફ-**હુરૂફે મોકત્તઆત** આવે છે. આ હુરૂફનો રાઝ અને તાવીલ યા તો અલ્લાહતઆલા જાણે છે યા **રાસેખૂના ફિલ ઇલ્મ**-શરીઅતના ઈલ્મમાં પુખ્તા સાહબો જાણે છે. અલ્લાહતઆલાએ પોતાના દીનમાં યા કુરઆનમાં યા આ દુનિયામાં કોઈ એવી ચીઝ મૂકી જ નથી કે જેની માઅના, મકસદ અને ગરઝને સમઝી ન શકાય. અલ્લાહતઆલાના પાકીઝા દીનની હિફાઝત કરનાર ઈમામે હક્ક તે હર ચીઝનો રાઝ જાણતા હોય છે જેને આમ આદમી સમઝી શકતો ન હોય. તો હમારા વાસ્તે ઈમામુઝઝમાન (અ.સ.) અને એમની દાઅવત પર જલ્વાઅફરોઝ એમના દાઈ હકીકતમાં રાસેખૂના ફિલ ઈલ્મ છે. આપ શરીઅતના ઝાહિર-બાતિનનું બાખૂબી ઈલ્મ રાખે છે, લેહાઝા હમારી હર હાજતની મંઝિલ દાઅવતના ધણીની હઝરત સિવાય બીજી કઈ હોય શકે. અલ્લાહતઆલા ફરમાવે છે કે,"**વ કુલ્લા શયઇન અહસૈનાહો ફી ઇમામિમ મુબીન**", હમેં હરએક ચીઝને ઈમામે મુબીન-રસૂલુલ્લાહ બાવાજીની આલે અત્હરના ઈમામે ઝમાનામાં સમાવી લીધેલી છે. કુરઆનના હુરૂફે મોકત્તઆત એવા ભારી હુરૂફ છે જેની હકીકત આ દુનિયાવી આલમમાં ઝમાનાના દાએરાના નુકતા જે ઈમામે હક્ક છે તેમને જ આ હુરૂફની અસ્લીયતનું ઈલ્મ છે અને આપ જ હમારા વાસ્તે શરીઅતના ઈલ્મોના નુકતા છે, સેન્ટર છે. જેમ એક સર્કલની બાઉન્ડરીનો હર હિસ્સો એના સેન્ટર પોઈન્ટથી કાઈમ રહે છે તેમ દુનિયામાં જેટલા ઈલ્મો છે તે ઈમામે હક્કના હોવાથી કાઈમ રહે છે. હવે બીજી તરફ જોઈએ તો માઅલૂમ પડે છે કે, **આ દુનિયામાં ઇલ્મનો વુજૂદ જ ન હોત જો અલ્લાહના કિતાબ ન હોત.** તો આ વાત બિલકુલ સાચી છે કે તમામ ઈલ્મોની પૈદાઈશ અલ્લાહના કિતાબથી છે. હદીસે શરીફ હમને ઈશારો કરે છે કે, હકીકી મુમિન તે જ છે જે કિતાબે હક્ક ની તાઅલીમાત સાથે ઈમામે હક્કની હિદાયત પર એક સાથે ચાલે, કોઈ એકને નહી પણ બેવેને સાથે રાખે. આથી સાબિત થયું કે, ઝમાનામાં જો કોઈ એક અલ્લાહના કિતાબ હોય જેએ તમામ ઈલ્મોને પૈદા કીધા છે તો તેના જાણકાર, તેને સમઝાવનાર પણ એક હોય જે અલ્લાહ તરફથી હોય અને ફક્ત એક ઈમામ હોય જેના સબબ **દુનિયા-આખેરતના તમામ ઇલ્મો કાઇમ છે.**

૨૯ સૂરતોના ઈબ્તેદામાં જે તૂટેલા હુરૂફ આવેલા છે તે અરબી ઝબાનના કુલ ૨૮ હુરૂફમાંથી ૧૪ છે. અલિફ, લામ, મીમ, કાફ (નાનો), હા, યા, ઐન, સાદ, તોય, હા (નાનો), રા, કાફ, નૂન, સીન - આમ ૧૪ હુરૂફ છે જેને મીલાવવાથી ફક્ત એક જ જુમ્લો બને છે. આ જુમ્લા સિવાય અરબી ઝબાનના માહિરો પાસે બીજો કોઈ જુમ્લો નથી જેમાંથી કોઈ માઅના નીકલા હોય, અક્લમાં આવે એવો મફહૂમ ઝાહિર થાતો હોય ! તે જુમ્લો છે **"અલીયુન સિરાતો હક્કિન નુમસેકોહૂ"**, મૌલાના અલી (અ.સ.) હક્કનો રસ્તો છે અને હમેં તેને પકડેલો છે, હમેં તેના પર ચાલીએ છીએ. આ જુમ્લો ખુદ મૌ.અલી (અ.સ.) અને આપની આલે મુતહહરની સચ્ચાઈની એક નૂરાની નિશાની છે. ★

**નૂરાની મસ્જિદ (બદરી મોહલ્લા) :**
**રાતે ૮:૦૦ વાગે (મંગલવાર)**
**તૈયેબી મસ્જિદ (આજવા રોડ) :**
**રાતે ૮:૦૦ વાગે (જુમ્આ)** ★

**નોંધ : અલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ ઈમામ હુસૈન (અ.સ.) ના નૌહાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.


**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૨૫૮૩૯૪૯.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★